# અમદાવાદ કોંગ્રેસમાં ટિકિટોને લઈ આખી રાત કકળાટ

**ટિકિટ** મુદ્દે માઈનોરિટી ડિપાર્ટમેન્ટના ઉપપ્રમુખનું રાજીનામું

અમદાવાદ : રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના ફોર્મ ભરવાના અંતિમ દિવસે રાજકીય માહોલ ગરમાયો છે. એક તરફ ભાજપે તમામ બેઠકો પર ઉમેદવારો જાહેર કરી મેદાન મારી લીધું છે, ત્યારે બીજી તરફ અમદાવાદ મનપામાં કોંગ્રેસ છેલ્લા દિવસ પણ 'ઘોંચ'માં જણાય હતી. આજે બપોરે 3 વાગ્યા સુધી જ ફોર્મ ભરવાની અંતિમ સમય હોવા છતાં, કોંગ્રેસમાં અનેક બેઠકો પર ગણતરીના કલાકો સુધી પણ અસમંજસ અને આંતરિક ખેંચતાણની સ્થિતિ જોવા મળી હતી. મળતી માહિતી મુજબ, અમદાવાદ કોંગ્રેસમાં ટિકિટોની ફાળવણીને લઈને આખી રાત હંગામો ચાલ્યો હતો. ટિકિટ માટેની ખેંચતાણ એટલી હદે હતી કે બાકી રહેલા ઉમેદવારોને છેક સવારે પાંચ વાગ્યે ફોન કરીને જાણ કરવામાં આવી હતી. અમદાવાદના કુલ 48 વોર્ડ પૈકી હજુ પણ 14 વોર્ડ એવા છે જ્યાં ઉમેદવારોના નામ જાહેર કરવામાં પક્ષ ગડમથલ અનુભવાઈ હતી. સીટિંગ કાઉન્સિલરોની ટિકિટ કાપવી કે નહીં તે મુદ્દે ધારાસભ્યો અને સિનિયર નેતાઓ વચ્ચેના મતભેદો સપાટી પર આવ્યા હતા, અને આખરી નિર્ણય લેવામાં ભારે અસમંજસની સ્થિતિ જોવા મળી હતી, જે છેલ્લી ઘડી સુધી ચાલી હતી.

### પ્રવક્તા હિરેન બેન્કરની ટિકિટ કપાતાં ખળભળાટ

અમદાવાદમાં સૌથી ચોંકાવનારો કિસ્સો ચાંદખેડા વોર્ડમાં સામે આવ્યો છે. અહીં કોંગ્રેસના જાણીતા યુવ ચહેરા અને પ્રદેશ પ્રવક્તા હિરેન બેન્કરની છેલ્લી ઘડીએ ટિકિટ કાપી નાખવામાં આવતા કોગ્રેસના રાજકીય વર્તુળોમાં સોપો પડી ગયો છે. આ ઉપરાંત નરોડામાં પણ જાહેર થયેલા ઉમેદવારની ટિકિટ કાપીને અન્ય વ્યક્તિને મેન્ડેટ આપી દેવાતા આંતરિક જૂથવાદ ચરમસીમાએ પહોંચ્યો હતો. દરિયાપુર વોર્ડમાં માત્ર નિરવ બક્ષીનું નામ જાહેર થયું છે, જ્યારે અન્ય ત્રણ નામો પર છેલ્લે સુધી સસ્પેન્સ રહ્યો હતો. દાણીલીમડામાં નેતા વિપક્ષ શહેજાદખાન પઠાણનું નામ જાહેર થયું છે પણ બાકીના ઉમેદવારો નક્કી થઈ શકયુ નહતું.. આ ઉપરાંત જોધપુર, નિકોલ, વિરાટનગર, બાપુનગર, સરસપુર-રખિયાલ, જમાલપુર, વાસણા, સરખેજ, મક્તમપુરા, બહેરામપુરા અને ગોમતીપુરમાં આખી પેનલ જાહેર કરવામાં પણ ભારે મથામણ ચાલી હતી. રામોલ-હાથીજણ વોર્ડમાં પણ બે ઉમેદવારો અંગે છેલ્લા કલાકમાં નિર્ણય લેવાયો હતો, ત્યાં સધી ભારે ગડમથલ જોવા મળી હતી. ગુજરાત સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ઉમેદવારોના નામ જાહેર થતાની સાથે જ અમદાવાદ કોંગ્રેસમાં આંતરિક કલહ પરાકાષ્ઠાએ પહોંચ્યો છે. ટિકિટ ફાળવણીમાં પક્ષપાત અને અન્યાયના ગંભીર આક્ષેપો સાથે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ માઈનોરિટી ડિપાર્ટમેન્ટના ઉપપ્રમુખ મોહમ્મદ નાસિર શેખે પોતાના પદ પરથી રાજીનામું ધરી દેતા ખળભળાટ મચી ગયો છે. આ વિવાદ હવે સ્થાનિક સ્તરેથી ઉછળીને ઓલ ઈન્ડિયા માઈનોરિટી કમિટી સુધી પહોંચ્યો છે.

રાજીનામું આપનાર મોહમ્મદ નાસિર શેખે ઓલ ઈન્ડિયા માઈનોરિટી ડિપાર્ટમેન્ટના ચેરમેનને લેખિત ફરિયાદ કરી પક્ષની કાર્યપદ્ધતિ સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. તેમણે જણાવ્યું કે, છેલ્લા 23 વર્ષથી કોંગ્રેસમાં સક્રિય હોવા છતાં અને ઉચ્ચ શૈક્ષણિક લાયકાત તેમજ મજબૂત જનસંપર્ક ધરાવતા હોવા છતાં ટિકિટ ફાળવણીમાં તેમની ધરાર અવગણના કરવામાં આવી છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે, પક્ષના પૂર્વ ધારાસભ્યો પક્ષના હિતને બાજુ પર મૂકીને પોતાની મરજી મુજબ ટિકિટોની વહેંચણી કરી રહ્યા છે અને પક્ષના પાયાના કાર્યકરો સાથે કોઈ ચર્ચા કરવામાં આવતી નથી. અમદાવાદમાં જે વોર્ડ કોંગ્રેસના ગઢ ગણાય છે, ત્યાં જ નેતાઓ અને કાર્યકરો આમને-સામને આવી ગયા હતા. ખાસ કરીને દરિયાપુર વોર્ડમાં વિવાદ વધુ વકર્યો હતો. અહીં યુથ કોંગ્રેસના ઉચ્ચ શિક્ષિત યુવા નેતાઓને અવગણીને માત્ર ગણતરીના વર્ષોનો અનુભવ ધરાવતા લોકોને પ્રાધાન્ય આપવામાં આવતા જૂથવાદ ચરમસીમાએ પહોંચ્યો છે.

### ધોળકામાં ભડકો, શહેર પ્રમુખનું રાજીનામું

અમદાવાદ જિલ્લાના ધોળકા શહેરમાં કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે. ધોળકા નગરપાલિકાની ચૂંટણીમાં મેન્ડેટ વહેંચણીમાં ગેરરીતિના આક્ષેપ સાથે શહેર કોંગ્રેસ પ્રમુખ દિનેશ મકવાણાએ રાજીનામું ધરી દીધું છે. મકવાણાએ આક્ષેપ કર્યો છે કે વફાદાર કાર્યકરોને અવગણીને ભાજપ સાથે સાઠગાંઠ ધરાવતા લોકોને ટિકિટ આપવામાં આવી છે. સત્તાવાર લડાઈમાં ઘરના જ નડ્યા હોવાનું કહી તેમણે પક્ષની નેતાગીરી સામે રોષ વ્યક્ત કર્યો છે.

આમ, ચૂંટણીના રણમેદાનમાં ઉતરતા પહેલા જ કોંગ્રેસ આંતરિક કલહ અને વિલંબિત નિર્ણયોને કારણે મુશ્કેલીમાં મુકાઈ હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. હવે જોવાનું એ રહેશે કે અંતિમ ગણતરીની મિનિટોમાં કોંગ્રેસ કઈ રીતે આ પરિસ્થિતિને થાળે પાડે છે.

# મેલાનિયા ટ્રમ્પને અચાનક જેફરી એપ્સ્ટેઇન સાથેના સંબંધો બાબતમાં સફાઈ કેમ આપવી પડી?

મનોવિજ્ઞાનનો નિયમ છે કે તમે જે વસ્તુનો ઇનકાર કરો છો, તે વસ્તુ સાથે તમારે કોઈ ઊંડો સંબંધ હોય છે. અમેરિકાનાં ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પે કુખ્યાત જાતીય ગુનેગાર અને સ્વર્ગસ્થ ફાઇનાન્સર જેફરી એપ્સ્ટેઇન સાથે કોઈ જોડાણ હોવાનો કે તેમના ગુનાઓ વિશે કોઈ જાણકારી હોવાનો સ્પષ્ટપણે ઇનકાર કર્યો છે, પણ તેને કારણે મેલાનિયા અને જેફરી એપ્સ્ટેઇન વચ્ચેના સંબંધો બાબતમાં લોકોની શંકાઓ વધુ પ્રબળ બની છે. વ્હાઇટ હાઉસ ખાતે અચાનક બોલાવવામાં આવેલી એક પ્રેસ કોન્ફરન્સમાં પહેલેથી તૈયાર કરાયેલું નિવેદન વાંચતાં મેલાનિયા ટ્રમ્પે કહ્યું કે તેમના વિરુદ્ધ ફેલાતી વાર્તાઓ સંપૂર્ણપણે ખોટી છે અને તેમની છબીને દૂષિત કરવાનો વ્યર્થ પ્રયાસ છે. મેલાનિયા ટ્રમ્પે સ્પષ્ટપણે કહ્યું કે જેફરી એપ્સ્ટેઇને તેમનો પરિચય ડોનાલ્ડ ટ્રમ્પ સાથે કરાવ્યો ન હતો. તેઓ પહેલી વાર ટ્રમ્પને ૧૯૯૮માં ન્યૂયોર્કમાં એક પાર્ટીમાં મળ્યાં હતાં. તેઓ ન તો એપ્સ્ટેઇનની મિત્ર હતી કે ન તો તેમના નજીકના સહયોગી ઘિસ્લેન મેક્સવેલની મિત્ર હતી. જો કે તેઓ ન્યૂયોર્ક અને ફ્લોરિડામાં કેટલાક સહિયારા સામાજિક કાર્યક્રમોમાં હાજરી આપતાં હતાં.




યુદ્ધ પોઇન્ટ ■ સંજય વોરા ■

મેલાનિયા ટ્રમ્પનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે અમેરિકાના ન્યાય વિભાગે એપ્સ્ટેઇન ફાઇલ્સ ટ્રાન્સપરન્સી એક્ટ સંબંધિત દસ્તાવેજો મોટી સંખ્યામાં જાહેર કર્યા છે. આ દસ્તાવેજોમાં ૨૦૦૨નો "લવ મેલાનિયા" નામનો ઇમેઇલ સામેલ છે અને માનવામાં આવે છે કે તે ઘિસ્લેન મેક્સવેલને મોકલવામાં આવ્યો હતો. જેફરી એપ્સ્ટેઈન પર સગીર છોકરીઓની તસ્કરી કરવાના અને જાતીય શોષણના ગંભીર આરોપો છે. તેણે ૨૦૧૯ માં ન્યૂયોર્કની જેલમાં આત્મહત્યા કરી હતી. મેલાનિયા ટ્રમ્પનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ઈરાન યુદ્ધવિરામ બાબતમાં ઈસ્લામાબાદમાં વાટાઘાટો ચાલી રહી છે અને એપ્સ્ટેઇન કેસ ફરીથી રાજકીય ચર્ચામાં આવી રહ્યો છે. મેલાનિયા દ્વારા આ નિવેદન આ તબક્કે કેમ જાહેર કરવામાં આવ્યું અને તેમણે નિવેદન આપતાં પહેલાં પોતાના પતિની સલાહ લીધી હતી કે કેમ? તે બાબતમાં તર્કવિતર્કો થઈ રહ્યા છે.

મેલાનિયા ટ્રમ્પને અચાનક જાહેર નિવેદન કરવા બહાર આવવું પડ્યું, તેની પાછળ અમાન્ડા ઉંગારો નામની મોડેલની સોશ્યલ મીડિયામાં વાઇરલ થયેલી પોસ્ટ હોવાનું કહેવાય છે. આ મહિલાએ એક એકાઉન્ટનો ઉપયોગ કરીને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની પત્ની મેલાનિયા ટ્રમ્પનો ભાંડો ફોડી કાઢવાની ધમકી આપી છે. પોતાને એપ્સ્ટેઇન ફાઇલ્સનો ભોગ બનનાર ગણાવતા મહિલાએ કહ્યું કે હું બે દાયકાથી અમેરિકાની પ્રથમ મહિલાની નજીક છું. હું મેલાનિયાના જેફરી એપ્સ્ટેઇન સાથેના ગુપ્ત સંબંધોનો ખુલાસો કરીશ. સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ X પર અમાન્ડા ઉંગારોએ એક પોસ્ટમાં લખ્યું છે કે હું ૨૦ વર્ષથી તમારી આસપાસ છું. તમને ખબર હતી કે હું ICEમાં છું. આટલાં વર્ષો પછી દુઃખ એ છે કે હું તમારા પરિવાર, તમારાં માતા અને પિતાના સંપર્કમાં છું. તેથી મારા વિશે બોલતી વખતે ચૂપ રહો, કારણ કે હું જે જાણું છું તે બધું જાહેર કરીશ. આ એકાઉન્ટ લેટિન અમેરિકાથી સંચાલિત થઈ રહ્યું છે અને ડિસેમ્બર ૨૦૨૫ થી સક્રિય છે.

મેલાનિયા ટ્રમ્પને ચેતવણી આપનાર અમાન્ડા ઉંગારો એક મોડેલ હોવાનું કહેવાય છે અને તે ડોનાલ્ડ ટ્રમ્પના ભૂતપૂર્વ મોડેલિંગ એજન્ટ અને સહયોગી પાઓલો ઝામ્પોલીની ભાગીદાર હોવાનું કહેવાય છે. પાઓલો ઝામ્પોલી એ જ વ્યક્તિ છે જેણે મેલાનિયા ટ્રમ્પને તેની મોડેલિંગ કારકિર્દી દરમિયાન અમેરિકા આવવામાં મદદ કરી હતી અને તેણીને ડોનાલ્ડ ટ્રમ્પ સાથે પરિચય કરાવ્યો હતો. એવું કહેવાય છે કે અમાન્ડા ઉંગારોને પણ પાઓલો ઝામ્પોલી દ્વારા શોધી કાઢવામાં આવી હતી જ્યારે તે મોડેલિંગ એજન્ટ તરીકે કામ કરી રહ્યો હતો. ત્યાર બાદ તેણે ઉંગારોને મોડેલિંગ કારકિર્દી માટે તૈયાર કરી અને તેણીને અમેરિકા આવવા માટે પ્રોત્સાહિત કરી હતી.

બ્રાઝિલના અખબાર ઓ ગ્લોબો સાથેની એક મુલાકાતમાં અમાન્ડા ઉંગારોએ જેફરી એપ્સ્ટેઇન સાથેની તેમની પહેલી મુલાકાતનું વર્ણન કર્યું હતું. તેણીએ કહ્યું કે ૧૭ વર્ષની ઉંમરે તેણીએ જેફરી એપ્સ્ટેઇનના ખાનગી વિમાનમાં પેરિસથી ન્યૂ યોર્કની મુસાફરી કરી હતી. ઉંગારોના જણાવ્યા અનુસાર તેણી તેના એજન્ટ જીન-લુક બ્રુનેલ સાથે વિમાનમાં ચઢી હતી. વિમાનમાં લગભગ ૩૦ સુંદર છોકરીઓ હતી. મને તરત જ અસ્વસ્થતા અનુભવાઈ અને હું વિમાનમાંથી ઉતરવા માંગતી હતી. ઉંગારોએ આખી મુસાફરીને ખૂબ જ ખલેલ પહોંચાડનાર અનુભવ તરીકે વર્ણવી હતી. અમાન્ડા ઉંગારો અને પાઓલો ઝામ્પોલીનો સંબંધ ૨૦૧૩ માં સમાપ્ત થયો હતો. એક મુલાકાતમાં ઉંગારોએ કહ્યું હતું કે માર-એ-લાગો ખાતે નવા વર્ષની પાર્ટીઓમાં અમે અને એક અન્ય દંપતી ટ્રમ્પ અને મેલાનિયા સાથે એક જ ટેબલ પર બેઠાં હતાં. તેણીએ એવો પણ દાવો કર્યો હતો કે ઝામ્પોલી જ મેલાનિયા અને ડોનાલ્ડ બંને વચ્ચે ગાઢ સંબંધ ધરાવતું કારણ હતું.

જેફરી એપ્સ્ટેઇન તપાસ સાથે જોડાયેલા નવા જાહેર થયેલા દસ્તાવેજોમાં અમેરિકાનાં ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પનો સંબંધ ફરી એક વાર સામે આવ્યો છે. અમેરિકાના ન્યાય ખાતાની વેબસાઇટ પર દૂર કરાયેલી અને પછીથી પુનઃસ્થાપિત કરાયેલી છબીઓમાં એપ્સ્ટેઇનના ઘરમાં એક ડેસ્ક દર્શાવવામાં આવી હતી, જેમાં ફોટાઓથી ભરેલું ખુલ્લું ડ્રોઅર હતું. એક ફોટામાં ટ્રમ્પ, એપ્સ્ટેઇન અને જાતીય અપરાધીની નજીકની સહયોગી ઘિસ્લેન મેક્સવેલ સાથે મેલાનિયા હતી. ન્યાય વિભાગ દ્વારા શેર કરાયેલા એક ફોટામાં મેલાનિયાની આગામી દસ્તાવેજી ફિલ્મના દિગ્દર્શક બ્રેટ રેટનરને દર્શાવવામાં આવ્યા હતા. આ ફોટામાં રેટનરને એપ્સ્ટેઇનના લાંબા સમયના સહયોગી સ્વર્ગસ્થ ફ્રેન્ચ મોડેલ એજન્ટ જીન-લુક બ્રુનેલ સાથે પોઝ આપતાં જોઈ શકાય છે.

બ્રુનેલનું ૨૦૨૨ માં પેરિસની જેલમાં મૃત્યુ થયું હતું, જ્યાં તે એક સગીર પર બળાત્કારના આરોપમાં ટ્રાયલની રાહ જોઈ રહ્યો હતો. એપસ્ટેઇન કેસની સૌથી અગ્રણી ફરિયાદીઓમાંની એક, વર્જિનિયા ગિફ્રેએ આરોપ લગાવ્યો હતો કે જ્યારે તે સગીર હતી ત્યારે તેને બ્રુનેલ સાથે અનેક વખત સેક્સ કરવા માટે દબાણ કરવામાં આવ્યું હતું. ગિફ્રે પોતે એપ્રિલમાં ૪૧ વર્ષની ઉંમરે આત્મહત્યા કરીને મૃત્યુ પામી હતી. ૫૬ વર્ષીય રેટનર પર ઘણી અન્ય મહિલાઓએ પણ જાતીય શોષણનો આરોપ લગાવ્યો છે, જેમાં ઓલિવિયા મુન અને નતાશા હેન્સ્ટ્રીજ તેમજ ૧૮ વર્ષની ઉંમરે એલિયટ પેજનો સમાવેશ થાય છે. ૨૦૧૪ ના હર્ક્યુલસ પછી પ્રથમ દિગ્દર્શક પ્રોજેક્ટમાં રેટનર મેલાનિયા સાથે પાછા ફરવા માટે તૈયાર છે, જે મેલાનિયા ટ્રમ્પ પર કેન્દ્રિત એક દસ્તાવેજી ફિલ્મ છે. જેફરી એપ્સ્ટેઇન વિશે મેલાનિયા ટ્રમ્પની ટિપ્પણીઓ વ્હાઇટ હાઉસના અધિકારીઓ માટે પણ આશ્ચર્યજનક હતી. વ્હાઇટ હાઉસના કેટલાક અધિકારીઓ ફર્સ્ટ લેડીના નિવેદનના સમયથી આશ્ચર્યચકિત થયા હતા. આનાથી એવી અફવાઓ ફેલાઈ હતી કે તે કદાચ આવનારી કોઈ ઘટના પહેલાં પોતાને બચાવવાનો પ્રયાસ કરી રહી હશે. એક અધિકારીએ જણાવ્યું હતું કે મેલાનિયા ટ્રમ્પની નજીકનાં લોકોમાં આ અંગે મતભેદ હતો કે તેમણે આ નિવેદન આપવું જોઈએ કે નહીં, કારણ કે આ મામલો પહેલાંથી જ ઉકેલાઈ ગયો છે. જો કે, વ્હાઇટ હાઉસના અધિકારીએ જણાવ્યું હતું કે મેલાનિયા ટ્રમ્પને એપ્સ્ટેઈન સાથે જોડતા અહેવાલો અને ચર્ચાઓ હજુ પણ ઓનલાઈન ફરી રહી છે, જેના કારણે મેલાનિયા ટ્રમ્પે આ બાબતે સત્તાવાર રીતે પોતાનું સ્થાન સ્પષ્ટ રીતે જાહેર કર્યું છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એમ પણ કહ્યું હતું કે તેઓ એપ્સ્ટેઈન અંગે આ નિવેદન આપવાની તેમની પત્નીની યોજનાથી અજાણ હતા. આ અચાનક નિવેદનથી સોશ્યલ મીડિયા પર જાતજાતની અટકળો શરૂ થઈ ગઈ છે, જેમાં મોટા ભાગની ચર્ચાનું કેન્દ્ર અમાન્ડા ઉંગારો છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

\s મેલાનિયા ટ્રમ્પને અચાનક જાહેર નિવેદન કરવા બહાર આવવું પડ્યું, તેની પાછળ અમાન્ડા ઉંગારો નામની મોડેલની સોશ્યલ મીડિયામાં વાઇરલ થયેલી પોસ્ટ હોવાનું કહેવાય છે

# એપ્રિલની શરૂઆતમાં જ કંડલામાં તાપમાન 41 ડિગ્રી

**રાજ્યમાં** બે દિવસમાં પારો હજુ 3 ડિગ્રી ઉછળશે

ગાંધીનગર : ગુજરાતમાં ઉનાળાએ આક્રમક સ્વરૂપ ધારણ કર્યું છે અને રાજ્યના મોટાભાગના શહેરોમાં તાપમાનનો પારો 40 ડિગ્રીને પાર પહોંચતા કાળઝાળ ગરમીની શરૂઆત થઈ ગઈ છે. હવામાન વિભાગના તાજા અહેવાલ મુજબ, સમગ્ર રાજ્યમાં અત્યારે કંડલા પોર્ટ 41 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે સૌથી ગરમ સ્થળ નોંધાયું છે. કચ્છના ભુજ અને નલિયામાં પણ 38 ડિગ્રી સાથે ગરમીનો આકરો મિજાજ જોવા મળી રહ્યો છે.

હવામાન વિભાગના તાજેતરના આંકડાઓ અનુસાર ગુજરાતના અનેક શહેરોમાં મહત્તમ તાપમાન 37 ડિ.સે. થી 41 ડિ.સે. વચ્ચે નોંધાયું છે, જેમાં કંડલા પોર્ટમાં રાજ્યનું સૌથી વધુ 41 ડિ.સે. તાપમાન નોંધાયું છે.અમદાવાદમાં પણ પારો 40.2 ડિગ્રી અને અમરેલીમાં 40.3 ડિગ્રી સુધી પહોંચતા જનજીવન ગરમીથી બેહાલ બન્યું છે. અન્ય શહેરોની સ્થિતિ જોઈએ તો વડોદરામાં 39.6, રાજકોટ, સુરેન્દ્રનગર, ડીસા અને સુરતમાં 39 ડિગ્રી જ્યારે ગાંધીનગરમાં 37.8 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું છે. કચ્છના ભુજ અને નલિયામાં પણ 38 ડિગ્રી સાથે ગરમીનો આકરો મિજાજ જોવા મળી રહ્યો છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ ઉત્તર પાકિસ્તાન અને આસપાસના જમ્મુ વિસ્તારમાં સાયક્લોનિક સર્ક્યુલેશન રૂપે પશ્ચિમ વિક્ષેપ (Western Disturbance) સક્રિય છે. આ સિસ્ટમના કારણે મધ્ય સ્તરના પવન પ્રવાહમાં ફેરફાર જોવા મળી રહ્યો છે. આગામી દિવસોની આગાહી મુજબ રાજ્યમાં આગામી બે દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં 2 થી 3 ડિ.સે. જેટલો વધારો થવાની શક્યતા છે. ત્યારબાદ તાપમાનમાં ખાસ ફેરફાર થવાની સંભાવના નથી.તે ઉપરાંત, 11 થી 17 એપ્રિલ દરમિયાન સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં તથા 12 થી 17 એપ્રિલ દરમિયાન દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજયુક્ત હવાની અસર વધવાથી ઉકળાટભર્યા વાતાવરણની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.હાલમાં દક્ષિણ ગુજરાતમાં તાપમાન સામાન્ય કરતા વધુ, જ્યારે કચ્છમાં સામાન્ય કરતા ઘણું વધારે નોંધાઈ રહ્યું છે, જે આગામી

## હાર્દિક પટેલ વિરુદ્ધનો ૨૦૧૮નો કેસ પરત ખેંચવા કવાયત

ગાંધીનગર : પાટીદાર અનામત આંદોલન દરમિયાન નોંધાયેલા કેસોને લઈને રાજ્ય સરકારે વધુ એક મોટું કદમ ઉઠાવ્યું છે. ભાજપના ધારાસભ્ય અને પૂર્વ પાટીદાર નેતા હાર્દિક પટેલ વિરુદ્ધ અમદાવાદના નિકોલ પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૮માં નોંધાયેલ કેસ હવે સરકાર પરત ખેંચવાની તૈયારી કરી રહી છે.

### શું હતો સમગ્ર મામલો ?

વર્ષ ૨૦૧૮માં પાટીદાર અનામતની માંગ સાથે નિકોલ વિસ્તારમાં હાર્દિક પટેલ, ગીતા પટેલ અને અન્ય આગેવાનોએ પ્રતીક ઉપવાસ અને ધરણાનું આયોજન કર્યું હતું.

- પરવાનગી વિના ધરણા કરવા અને લોકોને ઉશ્કેરવા બદલ ગુનો નોંધાયો હતો.
- પોલીસ કર્મચારીઓ સામે અયોગ્ય ભાષાનો ઉપયોગ કરવાના આરોપો પણ મૂકવામાં આવ્યા હતા.

## BUSINESS મિત્ર

# યુદ્ધ વિરામ સફળ થશે તો શેરબજારમાં શાનદાર તેજી જોવાશે

**વિતેલા** સપ્તાહમાં સેન્સેક્સ 4200 પોઇન્ટ અને નિફ્ટી 1300 પોઇન્ટથી વધુ ઉછળ્યા: બ્રોડર માર્કેટમાં પણ 7 ટકાથી વધુનો ઉછાળો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 11: વિતેલા સપ્તાહમાં એક કામકાજના દિવસને બાદ કરતાં સમગ્ર સપ્તાહ દરમ્યાન ભારતીય શેરબજારમાં તેજીનો દોર જળવાઈ રહ્યો હતો અને છેલ્લા પાંચ વર્ષમાં સૌથી મોટો સાપ્તાહિક ઉછાળો જોવાયો હતો. જે દર્શાવે છે કે, બજાર રીકવરી માટે તૈયાર છે અને સપ્તાહના અંતે નિફ્ટીએ 24000 પોઈન્ટની મનોવૈજ્ઞાનિક સપાટી કુદાવી દીધી છે. જે સ્પષ્ટ દર્શાવે છે કે હવે બજાર નીચે તરફ જવા માટે તૈયાર નથી અને નવી તેજી તરફ આગેકૂચ કરશે.

એવો પણ મત જોવા મળી રહ્યો છે કે, જો ઈરાન-અમેરિકા-ઈઝરાયેલ યુદ્ધ સમાપ્ત થઈ જશે તો ક્રુડના ભાવ ફરીથી નીચે સરકીને 65થી 70 ડોલર વચ્ચે સ્થિર થઈ શકે છે અને જરૂર પડે તો 50 ડોલર સુધી પણ ઘટી શકે છે. આ સંજોગોમાં જે અર્થતંત્રોને ક્રુડના ભાવ વધારાની ચિંતા હતી, તે દૂર થઈ જશે અને અર્થતંત્રની ગાડી ફરીથી પાટા પર ચડીને પુરપાટ આગળ વધશે. જેની સાથે શેરબજારોને પણ તેની પોઝિટિવ અસર જોવા મળશે અને ફરીથી તેજીની રફતાર જોવા મળી શકે છે. જે રફતાર એવી પકડશે કે નવી ઐતિહાસિક સપાટીને ટચ કરે તો પણ નવાઈ નહીં.

વિતેલા સપ્તાહમાં બીએસઈ સેન્સેક્સ 4230.70 પોઈન્ટ એટલે કે 5.77 ટકા વધીને 77550.25 પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી 1337.50 પોઈન્ટ એટલે કે 5.80 ટકા વધીને 24000 પોઈન્ટની સપાટી કુદાવીને 24050.60 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. બીએસઈ મિડકેપ ઈન્ડેકસ 7.35 ટકા ઉછળીને 15623.78 પોઈન્ટ અને સ્મોલકેપ ઈન્ડેક્સ 7.15 ટકા વધીને 6261.45 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

વિતેલા સપ્તાહમાં વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલની સાથે ઘરેલું સ્તરે આરબીઆઈની મોનીટરીંગ પોલિસીની બેઠક હતી, જેમાં વ્યાજદર જાળવી રાખવામાં આવ્યો હતો અને નાણા નીતિને સંતુલિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આરબીઆઈએ નોંધ્યું હતું કે, પશ્ચિમ એશિયામાં સંઘર્ષના કારણે સપ્લાય ચેઈન વ્યવસ્થા બગડી છે અને ઉંચા ભાવો તથા ધીમી વૈશ્વિક વૃદ્ધિની પણ અસર પડી રહી છે, તેની ઉપર આરબીઆઇ વોચ રાખી રહી છે અને ફુગાવા સહિતના પરિબળો ઉપર પણ નજર છે.

ભારતીય શેરબજારને આવનારા સમયમાં કેટલાક પરિબળો એવા છે કે જેની પણ નકારાત્મક અસર પડી શકે છે. સ્કાયમેટ દ્વારા હવામાન બ્રોડકાસ્ટ કરવામાં આવ્યું હતું, જેમાં ચોમાસુ નબળું પડવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. તેની સાથે કમોસમી વરસાદ અને વાતાવરણના પલટાથી કૃષિ જગતને માઠી અસર થવાની ભીતિ સેવાઈ રહી છે. તેની સાથે મીડલ ઈસ્ટના તણાવના કારણે ચોથા કવાર્ટરના કંપનીઓના પરિણામો ઉપર પણ અસર પડી છે અને આ અસર કોર્પોરેટ કમાણી ઉપર દેખાશે. જે અપેક્ષા કરતા નબળા રહેવાની સંભાવના છે. જેથી ભારતીય શેરબજારની તેજીને રૂંધવામાં ભાગ ભજવી શકે છે.

# બેન્કિંગ અને ફાઇનાન્શિયલ સેક્ટરમાં રોકાણનો સુવર્ણ અવસર

**આઇટી** સેકટરમાં હજુય પણ એઆઇનું જોખમ, હાલમાં દૂર રહેવાની નિષ્ણાતોની સલાહ

મુંબઇ, તા. 11: વિતેલા સપ્તાહમાં ભારતીય શેરબજાર રીકવરી મોડમાં જોવા મળ્યો હતો. એક કામકાજના દિવસને બાદ કરતા ભારતીય શેરબજારમાં પાંચ વર્ષની સૌથી મોટી સાપ્તાહિક તેજી જોવા મળી હતી. આ વધારામાં નિફ્ટીએ 24000 પોઇન્ટની મનોવૈજ્ઞાનિક સપાટી કુદાવી હતી. જેથી આ સપાટી જળવાઇ રહેશે તો તેજીનો દોર આગળ વધી શકે છે.

બીજી તરફ, મીડલ ઇસ્ટનું યુદ્ધ વિરામ ચાલુ રહેશે તો શેરબજારમાં તેજીનો દોર જળવાઇ શકે છે. એવું લાગી રહ્યું છે કે, યુદ્ધ પુર્ણરીતે વિરામ થવાના આરે છે, ત્યારે શેરબજારમાં બેન્કીગ અને એનબીએફસી સેકટરમા ઝડપી તેજી જોવા મળી શકે છે. કેમ કે આ સેકટરને યુદ્ધ સાથે સીધા કોઇ સંબંધ નથી. એટલું જ નહીં, ભારતીય પ્રાઇવેટ તથા જાહેર ક્ષેત્રની બેન્કોમાં એનપીએ તળિયે છે અને બેન્કીગ સિસ્ટમ પણ મજબૂત છે, ત્યારે આ સેકટરમાં ઝડપી રીકવરી સાથે તેજીનો દોર જોવા મળી શકે છે. એક અહેવાલ અનુસાર છેલ્લા કેટલાક મહિનાઓથી એફઆઇઆઇ પણ ભારતીય બેન્કીગ સેકટરમાં ધીમે ધીમે રોકાણ વધારી રહ્યા છે. બીજી તરફ, એઆઇ બબલની આઇટી સેકટર પર શું અસર થશે અને કેટલીક અસર થશે તે અંગે ચિત્ર સ્પષ્ટ દેખાતું નથી, તેના કારણે હાલમાં આઇટી સેકટર પર દાવ લગાવવો યોગ્ય નથી, તેથી હજુય ચિત્ર સ્પષ્ટ ન થાય ત્યાં સુધી આઇટી સેકટરથી દૂર રહેવામાં લાભદાયી રહેશે.

નિષ્ણાતોનું પણ માનવું છે કે, બેન્કીગ સેકટરમાં ક્રેડિટ ગ્રોથ મજબૂત છે અને એનપીએ સર્વકાલીન નીચી સપાટીએ છે. જેમાં રોકાણકારો ખાનગી બેન્કોને વધુ પસંદ કરે છે. આ સમયગાળામાં ખાનગી બેન્કોનું પ્રદર્શન એટલું સારૂ નથી, જેથી રોકાણ માટેનો સારો સમય છે. જોકે, રોકાણકારો પીએસયુ અને ખાનગી બેન્કોમાં પોર્ટફોલિયોમાં સમાન રોકાણ કરી શકે છે.

ખાનગી ક્ષેત્રમાં પણ મિડકેપ બેન્કોમાં વધુ લાભદાયી સાબિત થઇ શકે છે. જેઓના લોન ગ્રોથ 15થી 17 ટકા રહેવાની સંભાવના છે. એનબીએફસી ક્ષેત્ર પણ ઉત્સાહિત છે. તેમના જણાવ્યા અનુસાર રિટેલ ધિરાણમાં એનબીએફસી બેન્કો કરતા ઘણી આગળ નીકળી જશે. આરબીઆઇની કડક દેખરેખ આ ક્ષેત્રને વધુ મજબૂત બનાવશે. ગોલ્ડ લોન અને કન્ઝયુમર લેન્ડીંગ સ્પેસમાં રોકાણકારો પાસે સારા અને વૈવિધ્યકરણના વિકલ્પો છે.

નિષ્ણાતના જણાવ્યા અનુસાર આદર્શ પોર્ટફોલિયોમાં 35થી 40 ટકા બેન્કીગ, ફાઇનાન્સીયલ સર્વિસીસ એન્ડ ઇન્સ્યોરેન્સ હોવું જોઇએ. જેમાં 10 ટકા સરકારી બેન્કો, 10 ટકા ખાનગી બેન્કો અને બાકીની એનબીએફસી સાથે સંબંધિત કંપનીઓનો સમાવેશ કરી શકાય.

## 2026માં અત્યાર સુધીમાં આઈટી અને રિયલ્ટી શેરોમાં સૌથી મોટો ઘટાડો

મુંબઈ, તા. 11: વિતેલા નાણાકીય વર્ષ 2025-26ના અંતિમ મહિનામાં ઈઝરાયેલ અને ઈરાન-અમેરિકાના યુદ્ધના કારણે ભારતીય શેરબજારમાં ઘટાડો નોંધાયો હતો. જેમાં સૌથી વધુ ફટકો રિયલ્ટી અને આઈટી સેકટરને જોવા મળ્યો હતો.

# યુપીઆઇના 10 વર્ષ પુરા: ટ્રાન્ઝેકશનમાં 12 હજાર ગણો વધારો

**જ્યારે** મુલ્ય 4 હજાર ગણુ વધ્યું

**કોરોના** મહામારી બાદ યુપીઆઇ ટ્રાન્ઝેક્શનમાં ખૂબજ ઝડપી વધારો જોવા મળ્યો

નવી દિલ્હી, તા. 11: ભારતની ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ, યુપીઆઈને આજરોજ 10 વર્ષ પુરા થયા છે. આ સમયગાળા દરમિયાન, યુપીઆઈના ટ્રાન્ઝેક્શનમાં 12 હજાર ગણાથી વધુ વધારો થયો છે અને ટ્રાન્ઝેક્શન વેલ્યુમાં 4 હજાર ગણાથી વધુ વધારો થયો છે. એનાલિટિક્સ ફર્મ ટ્રેક્સોનના ડેટા અનુસાર, યુપીઆઈએ નાણાકીય વર્ષ 2026માં 285 લાખ કરોડ રૂપિયાના 218.98 અબજ વ્યવહારો કર્યા હતા. તે જ સમયે, નાણાકીય વર્ષ 2017માં, આ આંકડો 1.786 કરોડ ટ્રાન્ઝેક્શન હતો અને તેની કિંમત 6,952 કરોડ રૂપિયા હતી.

શરૂઆતના વર્ષોમાં વ્યવહારો ધીમે ધીમે વધ્યા હતા અને નાણાકીય વર્ષ 18માં 91.5 કરોડ અને નાણાકીય વર્ષ 19માં 5.39 કરોડ સુધી પહોંચ્યા હતા. ત્યારબાદ નાણાકીય વર્ષ 2020માં, યુપીઆઈ મુખ્ય પ્રવાહમાં ગયું અને 12.52 અબજ વ્યવહારોના આંકડા પર પહોંચ્યું અને તેનું મૂલ્ય 21 લાખ કરોડ રૂપિયાથી વધુ હતું. મહામારીના વર્ષોમાં યુપીઆઈનો ઉપયોગ ઝડપી બન્યો હતો, જેમાં નાણાકીય વર્ષ 2021માં વ્યવહારોની સંખ્યા 22.33 અબજ અને નાણાકીય વર્ષ 2022માં 45.97 અબજ વ્યવહારો સુધી પહોંચી હતી અને નાણાકીય વર્ષ 2023માં ફરીથી બમણી થઈને 83.75 અબજ વ્યવહારો થયા હતા. યુપીઆઈએ નાણાકીય વર્ષ 2024માં 130.13 અબજ વ્યવહારો અને નાણાકીય વર્ષ 25માં 185.87 અબજ વ્યવહારો નોંધાયા.

વેપારીઓ દ્વારા ચુકવણી સ્વીકારવા માટેનો આધાર પણ 2025માં વિસ્તર્યો હતો, જેમાં અગાઉના વર્ષની સરખામણીમાં યુપીઆઈ ક્યુઆર કોડની સંખ્યા 15 ટકા વધીને 73.13 કરોડ સુધી પહોંચી ગઈ છે. પોઈન્ટ ઓફ સેલ ટર્મિનલ્સની સંખ્યા 15 ટકા વધીને 1.148 કરોડ થઈ ગઈ છે.

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા

૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૯ | ૫૦/૩૬ '' | ૧૪૬ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૦ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૬ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૬ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૮૦ |
| ૬૮/૩૬ | ૧૩૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૦૦ ટેક્ષ | ૧૩૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૧ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૭ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૭ | ૮૦/૭૨ રોટો | ૧૩૯ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૯ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૮ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૫૨૫૦ |
| તેજાબી સોનું | ૧૫૫૧૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૯૪૯૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૨૧૪૫ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૫૨૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૯૦૦૦ |
| ચાંદી સિક્કા | ૨૫૦૫૦૦ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૫૪૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૬૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૬૬૦ | તલતેલ | ૪૮૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૪૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૭૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૨૫૦ |
| એસ-૩૦ | ૪૧૫૦ |

# જિયો-બીપીએ પેટ્રોલ-ડીઝલના ભાવ નહીં વધારવાનો કર્યો નિર્ણય

**નાયરાએ** પેટ્રોલમાં રૂ. 5 અને ડિઝલમાં રૂ. 3નો વધારો કર્યો હતો

નવી દિલ્હી, તા. 11: મીડલ ઈસ્ટના તણાવ વચ્ચે ક્રુડ ઓઈલના ભાવમાં ઝડપી ઉછાળો આવ્યો છે, લગભગ બમણા ભાવ વધારાના લીધે તમામ પેટ્રોલિયમ કંપનીઓની સ્થિતિ બગડી રહી છે. આમ છતાં રિલાયન્સ અને બીપી પીએલસીના સંયુક્ત સાહસ જિયો બીપીએ ગ્રાહકોને રાહત આપી છે. જેઓ હાલમાં પેટ્રોલ-ડિઝલમાં કોઈ ભાવ વધારો કરશે નહીં.

એક કાર્યક્રમમાં સંયુક્ત સાહસના સીઈઓ અક્ષય વધાવાએ જણાવ્યું હતું કે અમે આ મુદ્દે રાષ્ટ્ર સાથે છીએ. મીડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડના ભાવ 100 ડોલર પ્રતિ બેરલને પાર કરી ગયા છે, છતાં સરકાર અને ઓઈલ કંપનીઓ સ્થાનિક ગ્રાહકોને આ વધારાની સીધી અસરથી બચાવવા પ્રયાસ કર્યો છે. સરકારે એકસાઈઝ ડ્યુટીમાં ઘટાડો કરીને ભાવ નિયંત્રણમાં રાખવામાં મદદ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રિલાયન્સે ભાવ વધારો નહીં કરવાની જાહેરાત કરી છે, પણ અગાઉ નાયરાએ પેટ્રોલમાં રૂ. 5 અને ડિઝલમાં રૂ. 3 પ્રતિ લિટર ભાવ વધારો કર્યો છે. આ ઉપરાંત, શેલ ઈન્ડિયાએ પણ ભાવ વધારો કર્યો છે.